ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૭.૩ ડીગ્રી
લઘુતમ : ૧૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૫ ટકા ● સાંજે ૪૩ ટકા

# સે-૧૫ મતગણતરી કેન્દ્ર ખાતે પોલીંગ સ્ટાફને સાહિત્ય સોંપણી

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર જિલ્લામાં પાંચ વિધાનસભા બેઠકો માટે સેકટર-૧૫ની આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે ગાંધીનગર(ઉ) અને ગાંધીનગર(દ) વિધાનસભા બેઠક માટે પોલીંગ સ્ટાફના રિપોર્ટીંગ અને સાહિત્ય સોંપણી સહિતની તમામ કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

ગાંધીનગર(ઉ)ના જનરલ નિરીક્ષકશ્રી પાંડુરંગા નાઈકની ઉપસ્થિતીમાં જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી સતીષ પટેલે મીડિયાને માહિતી આપતા જણાવ્યું હતું કે જિલ્લાની પાંચ વિધાનસભા બેઠકોમાં કુલ ૪૮-ઉમેદવારો ચૂંટણી લડી રહ્યાં છે તે માટે ૧૩૪૨ મતદાન મથકો ખાતે ફરજ બજાવનાર ૬૭૯૦ પોલીંગ સ્ટાફ ચૂંટણીલક્ષી તમામ સાહિત્ય સાથે મતદાન મથકોએ આજે બપોરે ૩.૦૦ વાગ્યે પહોંચી જશે. જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી સતીષ પટેલે જણાવ્યું હતું કે પાંચ વિધાનસભા બેઠકો માટે ૨૩૭ માઈક્રો ઓબ્ઝવર્સ, ૧૬૭ ઝોનલ ઓફિસર અને ૩૩૦ વિડીયોગ્રાફર દ્વારા કામગીરી હાથ ધરાશે. કાયદો અને વ્યવસ્થા માટે ૩૩ પેરા મીલીટરી ફોર્સની કંપનીઓ, ૧૬૦૦ પોલીસ અને ૧૭૪૦ હોમગાર્ડ ફરજ બજાવશે. જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી સતીષ પટેલે ગાંધીનગર જિલ્લાના મતદારોને નિર્ભયપણે અવશ્ય પોતાના મતાધિકારનો ઉપયોગ કરી લોકશાહીના પર્વમાં જોડાઈને મતદાન કરવા અપીલ કરી છે. આગામી તારીખ ૧૮ ડિસેમ્બરના રોજ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સેકટર-૧૫ ગાંધીનગર ખાતે સવારે ૮.૦૦ કલાકે શરૂ થનાર મતગણતરીની તમામ વ્યવસ્થાઓ પૂર્ણ કરવામાં આવી છે. વિધાનસભાની પાંચ બેઠકો માટે મતપેટીઓ માટે સ્ટ્રોંગ રૂમ તથા પાંચ હોલમાં મતગણતરી સહિત મીડિયા સેન્ટરની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.





# આજે સિવિલના તમામ ઓ.પી.ડી. વિભાગ બંધ રહેશે


ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આવેલ તમામ વિભાગની ઓ.પી.ડી. બંધ રાખવનો નિર્ણય તંત્ર દ્વારા લેવાયો છે. બીજા ચરણનું મતદાન હોવાથી ઓ.પી.ડી.ના ડોકટર્સ, નર્સિંગ-સ્ટાફ, કર્મચારીઓને રજા આપી દેવામાં આવી છે. જયારે આઉટ સોર્સિંગમાં કામ કરતા કર્મચારીઓને પણ મતદાન માટે રજા આપવામાં આવી છે. સિવિલનો તાત્કાલિક વિભાગ અને આઠ માળની ઈમારતમાં એડમીટ દર્દીઓને કોઈ પણ તકલીફનો સામનો ન કરવો પડે તે માટે ખાસ તકેદારી રાખવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે તાત્કાલીક વિભાગમાં સવારે અને સાંજે ૫ ડોકટર્સ ફરજ પર હાજર રહેશે.

સમગ્ર ગુજરાતમાં ચૂંટણીનો માહોલ જામ્યો છે. કાલે બીજા તબક્કાની ચૂંટણી માટે મતદાન યોજાવાનું છે. લોકશાહીના પર્વની ઉજવણી કરવા નગરજનો થનગની રહ્યા છે. પાટનગરમાં રાજકીય ગરમાવો ચરમસીમાએ જામ્યો છે ત્યારે પ્રાપ્ત વિગત મુજબ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ઓ.પી.ડી. નોટીફીકેશનના આધારે બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. જેને અનુલક્ષી નોટીફિકેશનને આધારે ગાંધીનગર સિવિલની પણ તમામ વિભાગની સવાર-સાંજની ઓપીડી બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. ડોકટર્સ નર્સિંગ સ્ટાફ અને વર્ગ-૪ના કર્મચારીઓ શાંતિપૂર્ણ રીતે મતદાન કરી શકે તે માટે રજા રહેશે. જયારે ઓપીડી બંધ હોવાથી સવારે અને સાંજે તાત્કાલીક વિભાગમાં ફરજ બજાવતા ડોકટર્સમાં વધુ ૫ ડોકટર્સનો ઉમેરો કરાયો છે. દર્દીઓને તાત્કાલીક વિભાગમાં પણ જોઈ તપાસીને યોગ્ય સારવાર મળી રહે તે પ્રકારની ગોઠવણ કરાઈ છે. જયારે તાત્કાલીક વિભાગમાં આવતા દર્દીઓ અને આઠ માળની ઈમારતમાં એડમીટ દર્દીઓને કોઈ પણ જાતની તકલીફનો સામનો ન કરવો પડે તેની પણ તંત્ર દ્વારા ખાસ તકેદારી લેવાઈ છે. જયારે ઉલ્લેખનીય છે કે આઉટ સોર્સિંગમાં કામ કરતા કર્મચારીઓને પણ મતદાન માટે રજા આપવામાં આવી છે. જયારે કેટલાક કર્મચારીઓ મતદાન કરીને પોતાની ફરજ પર હાજર રહેશે. તંત્ર દ્વારા નોટીફિકેશનને આધારે નિર્ણય લેવામાં આવ્યો છે તેમજ અમદાવાદ સિવિલની પણ ઓપીડી બંધ રહેશે તેવો નિર્ણય લેવાયો છે.

## એમ.બી. પટેલ પ્રાયમરી સ્કૂલમાં પૂ. સ્વ. દાસકાકા શિયાળુ રમતોત્સવનું આયોજન





સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાયમરી સ્કૂલમાં તા. ૧૧-૧૨-૧૭ને સોમવારના રોજ સંસ્થાના આદ્યસ્થાપક સ્વ. દાસકાકાની સ્મૃતિમાં શિયાળુ રમતોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેના ઉદઘાટક તરીકે નેશનલ ખેલાડી શિંદીપાર્થ અને ગીતાબેન ઠાકોર હતા. આ રમતોત્સવમાં શાળાની લગભગ ૧૦૦૦ જેટલી વિદ્યાર્થીની બહેનોએ ૧૦૦ મી. દોડ, સંગીત ખુરશી, લાંબી કૂદ, ગોળાફેંક, કોથળા દોડ, સ્લો સાયકલીંગ, લીંબુ ચમચી વગેરે સ્પર્ધામાં ભાગ લઈ વિજેતા બનવાનો ખૂબ પ્રયત્ન કર્યો હતો. દરેક રમતમાં ૧ થી ૩ નંબર મેળવનાર વિદ્યાર્થીનીઓને શાળા દ્વારા પ્રમાણપત્રો અને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સમગ્ર રમતોત્સવમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થીની બહેનોમાં વીરબાળાનું બિરુદ ધો-૧ થી ૫માં ભાભોર સેજલ રાજેશકુમાર (૨-ડ), ધો-૬ થી ૮માં ભાવસાર ક્રિશ્ના હિરેનકુમાર (૮-ઈ)ને આપી શાળાના વાર્ષિકોત્સવ પ્રસંગે મહેમાનશ્રીના વરદ હસ્તે પુરસ્કાર તથા સર્ટીફીકેટ એનાયત કરવામાં આવશે. સમગ્ર રમતોત્સવનું આયોજન શાળાના સુપરવાઈઝર ભગવતીબેન પટેલના માર્ગદર્શન નીચે શાળાના વ્યાયામ શિક્ષક દક્ષાબેન તથા હંસાબેન પટેલે કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન શાળાના મદદનીશ શિક્ષક ચંદ્રકાન્તભાઈએ કર્યુ હતું. શાળાના આચાર્ય નીરુબેન જે. પટેલે પ્રાસંગિક ઉદબોધન ઉપસ્થિત મહેમાનનો આભાર વ્યકત કરેલ અને રમતોત્સવમાં તમામ ભાગ લેનાર વિદ્યાર્થીની બહેનોને શુભેચ્છા પાઠવી હતી.

# આવતીકાલે ચૈતન્ય સ્કૂલના ચૈતાન્યોત્સાવનો પ્રારંભ

ગાંધીનગર પાસેના લેકાવાડાની ચૈતન્ય સ્કૂલ ખાતે વાર્ષિકોત્સવ 'ચૈતન્યોત્સવ-૨૦૧૭'નું તા. ૧૫ અને ૧૬ ડિસેમ્બર દરમિયાન સ્કૂલના બારોટ એમ્ફિ થીએટર ખાતે સાંજે ૫.૦૦ કલાકે આયોજન કરવામાં આવ્યું છે. ચેતન્યોત્સવના પ્રથમ દિવસે નર્સરીથી ધો-૫ સુધીના બાળકો માટે 'ફોર મધર એન્ડ કન્ટ્રી' થીમ પર કાર્યક્રમ યોજાશે જયારે દ્વિતિય દિવસે ધો-૫ થી ધો-૧૨ના વિદ્યાર્થીઓનો 'ભારત જોડો શકિત' થી આધારિત કાર્યક્રમ યોજાશે.

પ્રથમ દિવસના કાર્યક્રમમાં જે-પાલ સાઉથ એશિયાના સિનિયર પોલીસી મેનેજર તથા સજીવતા ફાઉન્ડેશનના કો-ફાઉન્ડર ગૌતમ પટેલ તથા દ્વિતિય દિવસે અમદાવાદ યુનિ.ના પૂર્વ ચેરમેન તથા શ્રી વિદ્યા નિકેતન ટ્રસ્ટના ચેરમેન શિક્ષણવિદ્ પ્રફુલ્લ અનુભાઈ ઉપસ્થિત રહેશે. સમગ્ર ચૈતન્યોત્સવ ૨૦૧૭ની થીમ 'જનની જન્મ ભૂમિસ્થા સ્વર્ગદપિ ગરિયસી' રાખવામાં આવી છે. કાર્યક્રમમાં શાળાના બાળકો મોટી સંખ્યામાં ભાગ લેશે.

# શાંતિપૂર્ણ મતદાન થાય તે માટે પોલિસનો ચુસ્ત બંદોબસ્ત

## સંવેદનશીલ અને અતિસંવેદનશીલ મતદાન કેન્દ્રો ઉપર પેરા મીલેટરી ફોર્સની ટુકડીઓ ડીપ્લોય

ગાંધીનગર, તા.૧૩

મતદાન મથકો ઉપર ઉમેદવારો કે તેના સમર્થકો દ્વારા કોઈ મતદારો પર દબાવ ઉભો કરવામાં ન આવે કે કોઈ ઘર્ષણ ન થાય તે માટે ખાસ તકેદારી રાખવામાં આવી છે. શાંતિપૂર્ણ માહોલમાં મતદાન થાય તે માટે જિલ્લામાં પોલિસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. સંવેદનશીલ અને અતિસંવેદનશીલ મતદાન કેન્દ્રો ઉપર પેરામીલીટરી ફોર્સની ટુકડીઓ પણ ડીપ્લોય કરી દેવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લાના વિવિધ મતદાન મથકો પૈકી સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ મથકો ઉપર વિશેષ પોલિસ કાફલાને તૈનાત કરવામાં આવ્યો છે. ગાંધીનગર જિલ્લામાં ૩૩ કંપની સેન્ટ્રલ પેરા મીલેટરી ફોર્સ એટલે કે ૩૩૦૦ સુરક્ષા કર્મીઓ ખડકી દેવામાં આવ્યા છે તે ઉપરાંત ૧૬૦૦ પોલિસ અધિકારી કર્મચારીઓ પણ બંદોબસ્ત વ્યવસ્થામાં વિવિધ મતદાન મથકો પર ખડે પગે રહેશે. ૧૭૪૦ હોમગાર્ડ જવાનોને ચુંટણી બંદોબસ્તમાં ગોઠવવામાં આવ્યા છે. આમ જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તથા શાંતિપૂર્ણ વાતાવરણમાં મતદાન પ્રક્રિયા પૂર્ણ થાય તે માટે ચુસ્ત પોલિસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

# મહિલાઓને વિક્રમી મતદાન કરવા જયોતિ મહિલા મંડળની અપીલ

ગાંધીનગર, તા.૧૧

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓનું બીજા તબક્કાનું મતદાન તા. ૧૪મી ડિસેમ્બર ગુરુવારના રોજ યોજાશે. આ ચૂંટણીમાં ગાંધીનગરના જયોતિ મહિલા મંડળ દ્વારા લોકશાહીના આ મહાપર્વને ઉત્સાહભેર ઉજવવા મતદારોને અપીલ કરવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લામાં મહિલા મતદારોની સંખ્યા આશરે ૫૦ ટકા જેટલી છે તેવું જણાવતા જયોતિ મહિલા મંડળના પ્રમુખ ડૉ. ચેતના બુચે જિલ્લાની તમામ મહિલાઓને પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા હાકલ કરી છે. મતદાન કરવું એ આપણી ફરજ છે અને સો ટકા મતદાન થાય તે માટે મહિલાઓ અગ્રેસર બને તે જરુરી છે. આ ચૂંટણીમાં મહિલાઓ મતદાન કરે અને પરિવારના તમામ સભ્યોને પણ મતદાન કરવા પ્રેરે તે જરુરી બન્યું છે. લોકશાહીને ધબકતી રાખવા સાચા અને પ્રજાને ઉપયોગી ઉમેદવારને ચૂંટવા મહિલાઓને વિક્રમી મતદાન કરવા ડૉ. ચેતના બુચે અપીલ કરી છે.

# સે-3 વસાહત મંડળ દ્વારા વડીલોનું સન્માન કરાશે

ગાંધીનગર શહેરના સેકટર-૩માં વસવાટ કરતા વડીલો કે જેમની ઉંમર તા. ૨૪-૧૨-૨૦૧૭ના રોજ ૭૦ વર્ષ પુરા કરેલ હોય તેવા તમામ વડીલોના સન્માન સમારોહ અને પ્રિતિ ભોજન સમારોહનું આયોજન તા. ૨૫-૧૨-૨૦૧૭ના રોજ સાંજે ૬.૦૦ કલાકે રાખવામાં આવેલ છે. આ પ્રસંગે રાત્રિના ૮.૦૦ કલાકે લાલા ભગતના ભજનનો કાર્યક્રમ પણ રાખવામાં આવેલ છે. જે વડીલો પ્રિતિ ભોજનમાં ભાગ લેવા માંગતા હોય તેઓએ આગામી તા. ૨૦-૧૨-૨૦૧૭ પહેલા સવારના ૯ થી ૧૧ કલાક દરમિયાન રૂ. ૨૦ આપી ભોજન પાસ મેળવી લેવા વસાહત મંડળના પ્રમુખ રાજુભાઈ ભટ્ટે જણાવ્યું છે.

# શહેરમાં ડાક અદાલત યોજાશે

ગાંધીનગર શહેરમાં ટપાલ સેવાઓને લગતા પ્રશ્નોના નિકાલ અંગે ગાંધીનગર પોસ્ટલ ડિવિઝન ગાંધીનગર સેકટર-૧૧ ખાતે આગામી તા. ૨૮-૧૨-૧૭ના રોજ ડાક અદાલત અને પેન્શન અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સવારે ૧૧ કલાકે ડાક અદાલત યોજાશે. જયારે બપોરના ૩ કલાકે પેન્શન અદાલતનુ આયોજન કરવામાં આવ્યું છે. આ ડાક અદાલત અને પેન્શન અદાલતમાં સૌ નાગરિકોને ઉપસ્થિત રહેવા ટપાલ વિભાગ દ્વારા અનુરોધ કરાયો છે.

# યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા મતદાન જાગૃતિ માટે આજે અનોખો પ્રયાસ

ગાંધીનગર સેકટર-૭-બી સ્થિત 'યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ' સંચાલિત ફિઝીયોથેરાપી સેન્ટર ખાતે સારવાર હેતુસર આવતા દર્દીઓ તથા દેશના ભાવિ માટે નિર્ણાયક ભૂમિકા ભજવતા મતદારોને પ્રોત્સાહીત કરવા નિઃશુલ્ક ફિઝીયોથેરાપી સારવારનું આયોજન ટ્રસ્ટ દ્વારા કરવામાં આવેલ છે. તા.૧૪ ડીસમ્બરે ગુજરાત રાજયમાં બીજા તબક્કાનું મતદાન છે. જેમાં મતદારોને પ્રોત્સાહીત કરવા ટ્રસ્ટ દ્વારા સેવાકીય પ્રયાસ કરવામાં આવ્યો છે. જે કોઈ નાગરિક મતદાન કરીને આવશે અને મતદાનની નિશાની (શાહીનો ટીકો કરે આંગળી) બતાવશે તેમને નિઃશુલ્ક ફિઝીયોથેરાપી સારવાર આપવામાં આવશે. મતદાર દર્દીઓ દિવસભર આ સેવાનો લાભ લઈ શકશે તેમ યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટની અખબારી યાદીમાં જણાવાયું છે.

# નિઃશુલ્ક માર્ગદર્શન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર ખાતે યોગનો લકુલેશ યોગ યુનિવર્સિટીનો સર્ટીફીકેટ કોર્સ કરવા માટેનો માર્ગદર્શન કેમ્પ તા. ૧૬-૧૨-૨૦૧૭ને શનિવારે સાંજે ૫.૩૦ થી ૬ કલાક દરમિયાન સેકટર-૨૨ ગાર્ડન-આનંદવાટિકા નજીક યોજાશે. ધોરણ-૧૦ પાસ દરેક વ્યકિત તેનો લાભ લઈ શકશે તેમ લકુલેશ યોગ યુનિવર્સિટી દ્વારા જણાવાયું છે.

# અશ્વિનભાઈ કોમર્સ કોલેજ ખાતે મતદાન જાગૃતિ સ્લોગન સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરના સેકટર-૨૩ સ્થિત અશ્વિનભાઈ એ. કોમર્સ કોલેજ ખાતે એનએસએસ યુનિટ દ્વારા મતદાન જાગૃતિ અંગે સ્લોગન રાઈટીંગ સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં ૧૫૫ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. રાજયમાં વિધાનસભાની સામાન્ય ચુંટણીઓ યોજાઈ રહી છે ત્યારે લોકશાહીના આ મહાપર્વનું નાગરિકો મહત્વ સમજી સો ટકા મતદાન કરે તે હેતુથી ચુંટણીપંચ તથા વિવિધ શૈક્ષણિક અને સેવાભાવી સંસ્થાઓ દ્વારા મતદાન જાગૃતિ માટે પ્રયાસો હાથ ધરવામાં આવે છે. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે ડીમ્પલ પટેલ, દ્વિતિય ક્રમાંકે સંજય ગોસ્વામી અને તૃતીય ક્રમાંકે જૈમિન પટેલ વિજેતા બન્યા હતા. વિદ્યાર્થીઓને કોલેજના આચાર્યા ડૉ. વિજ્ઞા ઓઝા અને એનએસએસના પ્રોગ્રામ ઓફિસર ડૉ. રણછોડ રથવીએ અભિનંદન આપ્યા હતા. આ સ્પર્ધાનું આયોજન ડૉ. રથવીના માર્ગદર્શન થકી કરાયું હતું. જેમાં નિલાંજના રાય, પિંકલ પટેલ, વિરલ ચાવડા અને કુલદીપ રથવીએ જહેમત ઉઠાવી હતી. મતદાન જાગૃતિ માટે એનએસએસ યુનિટ દ્વારા સ્લોગન સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, રેલી, શેરી નાટકો જેવા વિવિધ રચનાત્મક કાર્યો છેલ્લા પખવાડિયામાં યોજવામાં આવ્યા હતા.

# કોબા સર્કલ ખાતે મતદાન જાગૃતિનો નવતર પ્રયોગ

## કોબા સર્કલ ખાતે અસંખ્ય વાહન ચાલકોએ ઉભા રહી મતદાન જાગૃતિના કાર્યક્રમને માણ્યો





ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વધુ મતદાન થાય અને લોકો વધુ મતદાન કરવા પ્રેરાય તે હેતુથી કસ્તુરબા સ્ત્રી અધ્યાપન મંદિર-કોબાની તાલીમાર્થી બહેનોએ રેલી સ્વરૂપે સૂત્રોચ્ચાર અને પ્લે કાર્ડ સાથે મતદાન જાગૃતિ કાર્યક્રમ કરી રસ્તામાં આવતા ખેતરોમાં કામ કરતાં ખેડૂતો અને ખેત મજૂરોને મતદાન કરવા અપીલ કરી હતી. કોબા સર્કલ ખાતે મતદાન જાગૃતિ અંગેના ગરબાઓ અને શેરી નાટકો ભજવવાનો નવતર પ્રયોગ કરવામાં આવ્યો હતો. કોબા સર્કલ ખાતે અસંખ્ય વાહન ચાલકોએ ઉભા રહીને આ કાર્યક્રમને માણ્યો હતો. ગાંધીનગર જિલ્લાના સ્વીપ પ્લાનના નોડલ ઓફિસર અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી એસ.એમ.બારડે જણાવ્યું હતું કે, ગાંધીનગર જિલ્લાની શાળાઓમાં વિદ્યાર્થીઓ દ્વારા ચિત્ર સ્પર્ધાઓ, વકતૃત્વ સ્પર્ધાઓ, મહેંદી સ્પર્ધાઓ, રેલી અને શેરી નાટકો દ્વારા વિશાળ સંખ્યામાં મતદાન જાગૃતિના વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યાં હતા.

## વાતવાતમાં

● ચૂંટણીઓમાં રાજકીય પક્ષ-ઉમેદવારોના પ્રચાર કાર્યાલયો પર ઉમટતા ટેકેદારોને બેસવા માટે અસંખ્ય ખુરશીઓની વ્યવસ્થા રાખવી પડે છે. વિધાનસભાની ચૂંટણીઓના કારણે હાલ શહેરમાં એક ખુરશી જે સામાન્ય સંજોગોમાં ૨થી ૩ રૂપિયે ભાડે મળતી હતી તેના ભાડા અત્યારે વધી ૨૦ રૂપિયા સુધી બોલાઈ રહ્યા છે.

● ખુરશીઓની જેમ મંડપ સર્વિસ તથા રસોઈઆની પણ માંગમાં ખૂબ વધારો થયો હોવાથી આ સમયે ઘરમાં નાના-મોટા પ્રસંગના આયોજનો માટે સામાન્ય નાગરિકોને તકલીફ પડી રહી હોવાનું જાણવા મળી રહ્યું છે. કાર્યાલયો પર સતત ચા-નાસ્તાની જયાફતો તથા વિવિધ સમાજ-જ્ઞાતિના સ્નેહમિલનો માટે રાજકીય પક્ષો દ્વારા રસોઈયાઓનું ફુલ ટાઈમ બુકિંગ કરી દેવાયું છે.

● ચુંટણીની છેલ્લી ઘડીઓમાં મોટા ભાગના રાજકીય પક્ષો ઉમેદવારો દ્વારા અમુક મતદારોને રીઝવવા ખાનગી રાહે દારૂના 'કવાર્ટરિયા'ની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. જેને માટે નિશ્ચિત વ્યકિતને જવાબદારી સોંપી હોય છે. મતદાનના અગાઉની આગલી રાત્રે ઉમેદવાર કરતા વધુ માંગ આ વ્યકિતની જોવા મળી હતી.

# વાવોલમાં શ્રી દંઢાવ્ય ઔદિચ્ય સહસ્ત્ર મંડળનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૩

વાવોલમાં શ્રી દંઢાવ્ય ઝીણી ઔદીચ્ય સહસ્ત્ર વિદ્યોત્તેજક મંડળનો ઈનામ/શિષ્યવૃત્તિ વિતરણ સમારોહ શ્રી અશ્વિનભાઈ કાન્તિલાલ યાજ્ઞિક(લાંગણજ)ના અધ્યક્ષ સ્થાને તા.૦૭-૦૧-૨૦૧૮ને રવિવારના રોજ વાવોલ સત્તાવીસ બ્રહ્મ-સમાજના સહયોગથી એમ.બી. પટેલ હાઈસ્કૂલ, વાવોલ મુકામે રાખવામાં આવેલ છે. સમારંભને દૈદિપ્યમાન બનાવવા તથા મંડળને પ્રગતિના પંથે લઈ જવા સમાજના આજીવન સભ્યશ્રીઓ તથા બ્રહ્મ બંધુઓને હાજર રહેવા મંડળના મંત્રી નવનીતલાલ એસ. ભટ્ટ (મો. ૯૯૨૪૮૮૩૫૧૬) એ જણાવ્યુંછે.

# ગાંધીનગરની શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલીમાં ઊત્સવ અને શોભાયાત્રા

ગાંધીનગર, તા.૧૩

શ્રીમદ્ વીઠ્ઠલેશ પ્રભુચરણ શ્રી ગુંસાઈજી પ્રભુના ૫૦૩મા પ્રાદુર્ભાવ ઉત્સવ નિમિત્તે ગાંધીનગરની શ્રીજીશ્રી ગોવર્ધનનાથજીની હવેલીમાં છેલ્લા બે દિવસથી વિશેષ ઉજવણીનું આયોજન કરવામાં આવેલ હતું.

આ પ્રસંગે ચેન્નઈથી પૂ.પા. ૧૦૮ શ્રી વીશાલબાવા પધારેલ. જેઓએ વચનામૃત દ્વારા શ્રી ઠાકોરજી સુખાર્થે જલેબીનો બડો ભોગ મનોરથનું મહત્વ સમજાવ્યું હતું અને શ્રી ઠાકોરજીની સેવા સંદર્ભે ઊદ્ભવતા અનેક પ્રશ્નોના પ્રત્યુત્તરો વૈષ્ણવોને આપી તેની ઊંડાણપૂર્વક સમજૂતી આપી હતી.

આ ઉપરાંત, આ નિમિત્તે વિશાળ શોભાયાત્રાનું આયોજન થયું હતું. જેમાં મોટી સંખ્યામાં વૈષ્ણવોએ હાજરી આપી હતી. શ્રી ગુંસાઈજી પ્રભુની સાથે બાવાશ્રીએ સેકટર-૨૧માં ફરી અને ગુણગાન કર્યા હતા. આ ઉપરાંત બાવાશ્રીએ અનેક વૈષ્ણવોના ઘરે પધરામણી કરી હતી.

## ચિરવિદાય

● સ્વ. બળદેવભાઈ માધવદાસ પટેલ, ઉ.વ. ૬૫